NA
VESU PLOT

નં.૪-ડી.પી./એન.એ./રજી.નં. ૧૮ /૨૦૦૪
જિલ્લા પંચાયત કચેરી મહેસુલ શાખા,
સુરત તા. ૨૧-૧૦-૨૦૦૪.

**વાંચનમાં લીધું :-**

(૧) શ્રી દામજીભાઈ તળસીભાઈ વિ.ના પાવરદાર રામસ્વરૂપ લાલશંકર, રહેવાસી : ૯, આરોગ્યનગર, ૫૦૧, પૂજનપેલેસ, અઠવાલાઈન્સ, સુરત ની મોજે વેસુ, તા. ચોર્યાસી, જિ. સુરત ના જુના સર્વે નં. ૫૧૪, નવા સર્વે નં. ૩૪૧, એફ.પી.૩૩, બ્લોક નં. - વાળી જમીનમાં રહેઠાણના હેતુ માટે બિનખેતી પરવાનગી મળવા બાબતની તારીખ: ૧૨-૮-૨૦૦૪ ની અરજી.

(૨ ) તાલુકા વિકાસ અધિકારીશ્રી, ચોર્યાસી નાં પત્ર નં.તાપં/એનએ/રજીનં.૨૨/વેસુ/વ-૦૪, તા.૧૪-૯-૦૪.

(૩) મદદનીશ નગર નિયોજકશ્રી, સુરત શહેરી વિકાસ સત્તા મંડળ સુરતની વિકાસ પરવાનગી નં.સુડા/વિપઅ/ યુ.૪/૫૬૦૯/૭૭૨૦, તા. ૧૬-૧૦-૦૩.

(૪) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,જિ.પં.સુરતનાં પત્રનં. જિ.પં.-આ.શા.બિનખેતી/અભિપ્રાય/૧૩૦૩૮/ વેસુ/રહેઠાણ/ન.સ.નં.૩૪૧, તા. ૨૧-૯-૦૪.

(૫) કલેકટરશ્રી સુરતનાં પત્રનં.એલએકયુ/વશી.૩૪૩૮/એસ.આર/૬૧૩/૨૦૦૪, તા. ૧૦-૯-૨૦૦૪.

(૬) સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં ઠરાવ ક્રમાંક:-બખપ/૧૦૮૧/૬૧૨/ક/,તા.૨૫-૦૩-૧૯૮૧ તથા ઠરાવ ક્રમાંક બખપ / ૧૦૮૦ / ૫૯૫૩૦ / ક / તા.૨૭-૮-૮૦, તા.૧૬-૨-૨૦૦૪.

(૭) જમીન મહેસુલ કાયદાની કલમ-૬૫.

(૮) જિલ્લાં પંચાયત સુરતની તા:- ૧-૧૦-૦૪ ના રોજ મળેલ કારોબારી સભાનાં ઠરાવ નં. ૯૭૭

(૯) રૂપાંતર કરની રકમ ભર્યા બદલનું ચલણ નં. ૩૬, તા. ૧૫-૧૦-૨૦૦૪, રૂા. ૬૦,૦૫૦/- તથા વિશેષ ધારાની રકમ રૂા. ૩૦૦૨.૫૦, ર.નં. ૨૨, તાં. ૧૬-૧૦-૦૪.

**હુકમ :-**

મોજે વેસુ, તા. ચોર્યાસી, જિ. સુરત ના જુના સર્વે નં. ૫૧૪, નવા સર્વે નં. ૩૪૧, એફ.પી.૩૩, બ્લોક નં. - વાળી જમીનમાં રહેઠાણના હેતુ માટે બિનખેતી પરવાનગી મળવા અરજદાર શ્રી દામજીભાઈ તળસીભાઈ વિ.ના પાવરદાર રામસ્વરૂપ લાલશંકર, રહેવાસી : ૯, આરોગ્યનગર, ૫૦૧, પૂજનપેલેસ, અઠવાલાઈન્સ, સુરત એ તારીખ ૧૨-૮-૨૦૦૪ ની અરજી થી માંગણી કરેલ છે. જે અત્રે તા.૧૩-૮-૨૦૦૪ ના રોજ મળી છે અને અરજદારને અત્રેથી તા. ૨૦-૮-૨૦૦૪ ના રોજ પહોંચ આપવામા આવી છે.

સદરહું અરજી-વ-પ્લાન બાબતે તપાસ કરી તાલુકા વિકાસ અધિકારીશ્રી ચોર્યાસી એ ઉપરોક્ત આમુખનં.(૨) થી અત્રે કામનાં સાધનિક કાગળો સહ પ્રકરણ સાદર કરેલ છે. તાલુકા વિકાસ અધિકારીશ્રી ચોર્યાસી અને સર્કલ ઈન્સ્પેકટરશ્રી તા.પં. ચોર્યાસી એ ખાત્રી કરેલ તારીખ ૧૪-૯-૦૪ ના નકશા ( પ્લાન )માં આડીલીટી / ત્રાંસીલીટી / ભુરીલીટીની નિશાનીથી બતાવેલ કુલ ૬૦૦૫.૦૦ ચો.મી. જમીનમાં નીચે જણાવ્યા પ્રમાણે બાંધકામના પ્લોટનું આયોજન કરેલ છે તેને બિનખેતીની પરવાનગી આપવા તાલુકા વિકાસ અધિકારીશ્રી ચોર્યાસી એ અભિપ્રાય આપેલ છે.

| | | ચો.મી. |
|---|---|---|
| (૧) | બાંધકામ નું ક્ષેત્રફળ | ૨૨૯૪.૩૯ |
| (૨) | સી.ઓ.પી. | --- |
| (૩) | આતરીક રસ્તા-માર્જીન વિગરે ખુલ્લી જમીન નું ક્ષેત્રફળ | ૩૭૧૦.૬૧ |
| | કુલ જમીન નું ક્ષેત્રફળ | ૬૦૦૫.૦૦ |

